# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. સર્વોચ્ચ અદાલતે તમામ વડી અદાલતોને અનામત ચુકાદા 3 મહિનામાં જાહેર કરવાનો આદેશ આપ્યો.
2. હોર્મુંઝ ખાડીમાંથી પેટ્રોલિયમ લાવતું ભારતીય જહાજ સફળતાપૂર્વક પસાર.
3. ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં વાવાઝોડાથી ભારે નુકશાન - હમીરપુરમાં નિર્માણાધીન પુલ તૂટી પડતાં 6 ના મોત.
4. દેશમાં આ વર્ષે વરસાદ સામાન્યથી ઓછો રહેવાની સંભાવના.
5. IPL ક્રિકેટમાં આજે ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે બીજી ક્વોલિફાયર મેચ રમાશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# SC DIRECTS HC

સર્વોચ્ચ અદાલતે આજે દેશભરની તમામ વડી અદાલતને અનામત રાખેલ ચુકાદો ત્રણ મહિનાની અંદર જાહેર કરવાનો નિર્દેશ આપ્યો છે. અદાલતે કહ્યું કે ચુકાદા આપવામાં વિલંબ થવાથી અરજદારોને નોંધપાત્ર નુકસાન થઈ શકે છે.

વ્યક્તિગત સ્વતંત્રતાના મામલામાં ઝડપી નિર્ણય લેવાની જરૂરિયાત પર ભાર મૂકતા, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બનેલી બેન્ચે કહ્યું કે જામીન અરજીઓ પરના આદેશો તે જ દિવસે જાહેર કરવા જોઈએ, અને જો અનામત રાખવામાં આવે તો તે બીજા દિવસે જાહેર કરવા જોઈએ અને અપલોડ કરવા જોઈએ.

અનેક નિર્દેશો જારી કરતા, સર્વોચ્ચ અદાલતે કહ્યું કે જામીન અથવા સજા સ્થગિત કરવાનો આદેશ જાહેર થયા બાદ જેલ અધિકારીઓને તાત્કાલિક જાણ કરવી જોઈએ, અને કેદીઓને તે જ દિવસે અથવા બીજા દિવસે મુક્ત કરવા જોઈએ.

# HORMUZ-TRANSIT

હોર્મુઝ ખાડીમાંથી પેટ્રોલિયમ લાવતું ભારતીય જહાજ સફળતાપૂર્વક પસાર થઈ ગયું છે. કેટલીક દરિયાઈ ટ્રાફિક મોનિટરિંગ વેબસાઇટ્સ અનુસાર નિસોસ કેરોસ નામનું ટેન્કર, હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈને વિશાખાપટ્ટનમ જઈ રહ્યું છે. તે 3 જૂને પહોંચવાની ધારણા છે.

ઈરાનની રાજ્ય સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો કે, ઈરાનના પ્રસ્તાવિત ટ્રાન્ઝિટ ફી અંગે ચાલી રહેલા તણાવ વચ્ચે, ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે 24 કલાકમાં 23 વાણિજ્યિક જહાજોને સ્ટ્રેટમાંથી પસાર થવાની મંજૂરી આપી છે.

દરમિયાન યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે જણાવ્યું કે, હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ તણાવને કારણે હાલમાં આશરે બે હજાર જહાજો નીકળવાની રાહ જોઈ રહ્યા છે.

ટ્રમ્પ વહીવટીતંત્ર અને ઈરાન વચ્ચે ચાલી રહેલી વાટાઘાટોમાં હોર્મુઝ સ્ટ્રેટ હવે એક મુખ્ય મુદ્દો બની ગયો છે. વ્હાઇટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતા, બેસન્ટે જણાવ્યું હતું કે લગભગ બે હજાર જહાજો અખાત છોડવાની રાહ જોઈ રહ્યા છે બેસન્ટે વારંવાર કહ્યું કે અવિરત દરિયાઈ માર્ગોને પુનઃસ્થાપિત કરવો એ અમેરિકાની ટોચની પ્રાથમિકતાઓમાંની એક છે.

# UP STORM

ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં ગઇકાલે વાવાઝોડાથી ભારે નુકસાન થયું છે. ઉત્તર પ્રદેશના હમીરપુરમાં ગત મોડી રાત્રે વાવાઝોડાને કારણે નિર્માણાધીન પુલ તૂટી પડતાં કાટમાળ નીચે દટાઈ જવાથી છ મજૂરોના મોત થયા છે, જ્યારે ઘણા લોકો ફસાયા હોવાની આશંકા છે.

પોલીસ, વહીવટીતંત્ર અને સ્થાનિક રહેવાસીઓ ઘટનાસ્થળે રાહત અને બચાવ કામગીરીમાં કરી રહ્યા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અકસ્માતમાં થયેલા મૃત્યુ પર ઊંડુ દુ:ખ વ્યક્ત કર્યું અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીએ વરિષ્ઠ અધિકારીઓને બચાવ કામગીરી ઝડપી બનાવવા તથા મૃતકોના પરિવારોને શક્ય તમામ સહાય પૂરી પાડવાનો પણ નિર્દેશ આપ્યો છે.

દરમિયાન નોઈડામાં, દિવાલ તૂટી પડતાં 15 વર્ષનો બાળક ઘાયલ થયો છે. રાયબરેલીમાં, એક મહિલા પર ઝાડ પડવાથી તેનું મોત થયું હતું. કૌશામ્બીમાં ત્રણ લોકોના મોત થયાના અહેવાલ છે. મુખ્યમંત્રીએ અધિકારીઓને ભારે વરસાદ, વીજળી પડવા અને વાવાઝોડાથી થયેલા જાનમાલ, પશુધન અને આર્થિક નુકસાનનું મૂલ્યાંકન કરવા અને 24 કલાકની અંદર અસરગ્રસ્ત લોકોને વળતર આપવાનો નિર્દેશ આપ્યો છે. હવામાન વિભાગે 31 મે સુધી રાજ્યના ઘણા ભાગોમાં વાવાઝોડા, વરસાદ અને ભારે પવનની ચેતવણી જારી કરી છે.

# INDIA- CANADA CEPA

ભારત અને કેનેડાએ આ વર્ષના અંત સુધીમાં વ્યાપક આર્થિક ભાગીદારી કરાર પર વાટાઘાટો પૂર્ણ કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે.

વેપાર અને રોકાણ મંચ ખાતે ભારત-કેનેડા સંયુક્ત નિવેદનમાં, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ અને કેનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મનિન્દર સિદ્ધુએ મહત્વાકાંક્ષી CEPA કરાર પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. બંને મંત્રીઓએ દ્વિપક્ષીય વેપાર અને રોકાણ સંબંધોની આર્થિક વૃદ્ધિને વેગ આપવા અને વ્યવસાયિક તકો વધારવાની સંભાવનાને પુનરોચ્ચારિત કરી.

શ્રી સિદ્ધુએ સ્વચ્છ ઉર્જા, મહત્વપૂર્ણ ખનિજો, કૃષિ-ખાદ્ય, અદ્યતન ઉત્પાદન, ડિજિટલ તકનીકો અને કૌશલ્ય વિકાસ જેવા પૂરક ક્ષેત્રોમાં સહયોગ વધારવાની તકો પર ભાર મૂક્યો.

# SIDDARAMAIAH

કર્ણાટકના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ, સિદ્ધારમૈયાએ આજે નવી દિલ્હી સ્થિત તેમના નિવાસસ્થાને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે મુલાકાત કરી. આ પહેલા તેમણે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સાથે પણ મહત્વપૂર્ણ ચર્ચા કરી હતી.

બુધવારે સિદ્ધારમૈયાએ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે તેમનું રાજીનામું સ્વીકારી લીધું છે અને તેમને નવી સરકાર બને ત્યાં સુધી પદ પર રહેવા કહ્યું છે. કોંગ્રેસ વિધાનસભા પક્ષની આજે બેંગલુરુમાં બેઠક થશે, જ્યાં ડીકે શિવકુમારને નેતા તરીકે ચૂંટવામાં આવે તેવી અપેક્ષા છે.

# GOYAL-ROUNDTABLE

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ન્યૂયોર્કમાં એક ગોળમેજી ચર્ચામાં ભાગ લીધો હતો અને ૫૦ થી વધુ વ્યવસાય અને ઉદ્યોગના નેતાઓ સાથે વાતચીત કરી હતી. આ બેઠકનું આયોજન ભારતીય કોન્સ્યુલેટ જનરલ દ્વારા ભારત-યુએસ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમના સહયોગથી કરવામાં આવ્યું હતું.

શ્રી ગોયલે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે તેમણે ભારતના મજબૂત આર્થિક વિકાસ, સુધારા-આધારિત વ્યવસાયિક વાતાવરણ અને વૈશ્વિક રોકાણકારો માટે વધતી જતી તકો પર પ્રકાશ પાડ્યો હતો.

બેઠકમાં ભારત-યુએસ વેપાર, રોકાણ, નવીનતા અને સપ્લાય ચેઇન ભાગીદારીને મજબૂત બનાવવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# IMD-MONSOON PREDICTION

હવામાન વિભાગે દક્ષિણ પશ્ચિમ ચોમાસાની ઋતુ દરમિયાન જૂન અને સપ્ટેમ્બર મહિના વચ્ચે દેશમાં સામાન્યથી ઓછો વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે.

આજે નવી દિલ્હીમાં ચોમાસાની ઋતુ માટે બીજા તબક્કાના લાંબા ગાળાના અનુમાન અંગે મીડિયાને માહિતી આપતા પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના સચિવ ડૉ. એમ. રવિચંદ્રને જણાવ્યું કે દેશમાં દક્ષિણપશ્ચિમ ચોમાસાનો મોસમી વરસાદ સરેરાશ લાંબા ગાળાના 90 ટકા જેટલો રહેવાની સંભાવના છે.

આ ઋતુ દરમિયાન, ઉત્તરપૂર્વ ભારતમાં વરસાદ સામાન્ય રહેવાની સંભાવના છે અને મધ્ય, દક્ષિણ દ્વીપકલ્પ અને ઉત્તર પશ્ચિમ ભારતમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડવાની સંભાવના છે. તેમણે કહ્યું કે ચોમાસાની ઋતુ દરમિયાન અલ નિનોની સ્થિતિ વિકસિત થવાની સંભાવના છે.

## (BYTE: IMD WEATHER)

પત્રકારો સાથે વાત કરતાં હવામાન વિભાગના વડા ડૉ. મૃત્યુંજય મોહપાત્રાએ જણાવ્યું કે જૂન મહિનામાં દેશમાં સરેરાશ વરસાદ સામાન્યથી ઓછો રહેવાની સંભાવના છે અને દેશના મોટાભાગના વિસ્તારોમાં સામાન્ય કરતાં વધુ મહત્તમ તાપમાન રહેવાની સંભાવના છે. તેમણે જૂન મહિના દરમિયાન ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ, બિહાર, ઓડિશા, છત્તીસગઢ અને ગુજરાતના ઘણા ભાગોમાં સામાન્ય કરતાં વધુ ગરમીની સ્થિતિ રહેવાની શક્યતા દર્શાવી હતી.

# CHAUDHARY CHARAN SINGH-TRIBUTE

દેશના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ચૌધરી ચરણ સિંહની પુણ્યતિથિ નિમિત્તે મહાનુભાવોએ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, ભૂતપૂર્વ પ્રધાનમંત્રીએ કૃષિ સમુદાયના કલ્યાણ અને ગ્રામીણ ભારતના ઉત્થાન માટે પોતાનું જીવન સમર્પિત કર્યું.

લોકસભા અધ્યક્ષે જણાવ્યું કે, રાષ્ટ્ર ખેડૂતોના હિતોનું રક્ષણ, સામાજિક ન્યાય અને ગ્રામીણ વિકાસમાં તેમના યોગદાનને હંમેશા કૃતજ્ઞતા સાથે યાદ રાખશે.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, ભારત રત્ન ચૌધરી ચરણ સિંહે સ્વતંત્રતા સંગ્રામથી લઈને કટોકટીના સમયગાળા સુધી લોકશાહી મૂલ્યોને મજબૂત બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ અને શિવરાજ સિંહ ચૌહાણે પણ ચૌધરી ચરણ સિંહને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી છે.

# WHO-EBOLA

વિશ્વ આરોગ્ય સંગઠનના ડિરેક્ટર-જનરલ ટેડ્રોસ ઘેબ્રેયસસે જણાવ્યું કે, કોંગોમાં ઇબોલાનો ફેલાવો ખૂબ જ જટિલ તબક્કામાં પહોંચી ગયો છે.

તેમણે જણાવ્યું કે, સંઘર્ષ, અસુરક્ષા, લોકોનું સ્થળાંતર, ખોરાકની અછત અને સમુદાય અવિશ્વાસ જેવી સમસ્યાઓને કારણે ચેપ નિયંત્રણ પ્રયાસોમાં અવરોધો ઊભા થઈ રહ્યા છે.

# IPL

IPL ક્રિકેટમાં આજે ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે બીજી ક્વોલિફાયર મેચ રમાશે. આ મેચ ચંદીગઢના મહારાજા યાદવિન્દ્ર સિંહ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં સાંજે 7:30 વાગ્યાથી રમાશે.

આ મેચની વિજેતા ટીમ રવિવારે અમદાવાદમાં યોજાનારી ફાઇનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટકરાશે.